Research Review ISSN : 2321- 4708
The Refereed & Peer Review International Journal Jan 2020, Year - 6 (81)
www.researchreviewonline.com Paper ID : RRJ000090

# કચ્છમાં વસતા દલિતો

રજૂકર્તા
પરમાર રમાબેન ડી
રાજકોટ

---

ભારતીય સમાજમાં વર્તમાન સમયમાં જેમના માટે દલિત શબ્દ વપરાય છે તેઓ માટે શુદ્ર, અતિશુદ્ર, દસ્યુ, ચાંડાલ, અસુર, પંચમ, અછૂત, અંત્યજ, હરિજન અને પદ દલિત જેવા શબ્દો ભૂતકાળમાં પ્રયોજાઈ ચૂકયા છે. પણ વાસ્તવિક રીતે વર્તમાનમાં જે દલિત શબ્દ વપરાય છે તેની પછવાડે બહુ જ લાંબો ઈતિહાસ છે, અને તે ઈતિહાસ ધૃણા છુટે તેવો છે. આજે જે સમુહો દલિતો કહેવાય છે તે સમુહોની યાતનાનો ઈતિહાસ વાંચતા કંપારી છૂટે તેમ છે, એ યાતના વર્ણ પ્રથામાંથી જન્મી છે. આદિકાળમાં જ્ઞાતિ કે વર્ણપ્રથા હતી જ નહીં. વર્ણાશ્રમ પ્રથા ઈતિહાસના અમુક તબક્કે પેદા થઈ. જેનો હેતુ તે સમયની વસ્તી અને ભૂગોળ પ્રમાણે જીવન વ્યતિત કરવાનો હતો. મુખ્યત્વે જુદા જુદા સમુહોમાં રહેતા લોકોની ક્ષમતા પ્રમાણે કામની વહેંચણી કરવામાં આવી હતી. પણ આગળ જતાં આ વ્યવસ્થા એટલી હદે વકરી કે એના લીધે સમુહોમાંથી જ્ઞાતિઓ, જાતિઓ, ઉપજાતિઓ અસ્તિત્વમાં આવી. જે લોકો બુદ્ધિચાર્તુય ધરાવતા હતા તેમણે તથા કથિત નિયમો બનાવ્યા અને તેનો અમલ કરાવ્યો. આ ચતુર સમુહોએ અન્ય બહુ બલ્ય ધરાવતા સમુહોને ઉચ્ચ દરજજો આપીને અન્યો પર રાજ કરવા માટે, સમગ્ર સત્તા યોજના હસ્તક રાખવા માટે અનેકવિધ નિયમો બનાવ્યા. ઈશ્વર, મનુષ્ય વચ્ચેના સંબંધ, મનુષ્યની યોનિ, પ્રાણી જગત, કુદરત આધિન ઘટનાઓ, પર્યાવરણ એ તમામને જોડીને શાસ્ત્રોની રચના કરવામાં આવી. આ શાસ્ત્રોની અમલવારી થકી કેટલાક સમુહોને એટલો તો અન્યાય થયો કે તેમનું જીવન પશુથી પણ બદતર બની ગયું. મોટા ભાગે ભારતીય ઉપખંડમાં તત્કાલિન માનવ વસવાટમાં એક વર્ગ એવો હતો જેનો દેહ તો મનુષ્યનો હતો, પણ જીવન મનુષ્ય તરીકેનું હતું જ નહીં. આશ્ચર્યની બાબત એ છે કે એવા મનુષ્યને અંધકારમાંથી બહાર લાવવા માટે કોઈ આગળ આવ્યું નહીં. હજારો વર્ષ સુધી અસંખ્ય માનવો વર્ણપ્રથાને કારણે કાળગર્તામાં ખોવાઈ ગયા.

વર્તમાનમાં જે સમુહો દલિત તરીકે ઓળખાય છે તેમની સામુહિક ઓળખ માટે વપરાયેલો પહેલો શબ્દ શુદ્ર હતો. શુદ્ર શબ્દ જેમને પણ લાગુ પડતો તે અન્ય લોકો માટે બહિસ્કૃત હતા, સમય જતાં એવું ઠસાવવામાં આવ્યું, કે જે લોકો પાપાચારી છે, અધમ કોટીના છે તેવા જીવો શુદ્ર થઈને જન્મ લે છે. શુદ્રોનો સ્વીકાર ન થાય, શુદ્ર અન્ય લોકોને કારણે નહીં પણ તેમના કર્મોને કારણે છે તેવું સાહિત્ય રચી તેનો પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો.

'પુરુષ સૂકત' નામના ગ્રંથમાં વિરાટ પુરૂષની એક કલ્પના છે, એ કલ્પના પ્રમાણે મનુષ્યના ચાર પ્રકાર છે. જેમાં સૌથી ઉચ્ચ સ્થાને બ્રાહમણો છે અને તળિયે શુદ્રો છે. 'પુરૂષ સૂકત' માં જણાવ્યા પ્રમાણે વિરાટ પુરૂષના મુખમાંથી જે પેદા થયા તે બ્રાહમણો છે. વિરાટ પુરૂષની છાતી માંથી પેદા થયા તે ક્ષત્રિયો છે. જયારે વૈશ્યો હાથમાંથી પેદા થયા અને શુદ્રો વિરાટ પુરૂષના પગમાંથી પેદા થયા. તત્કાલીન અશિક્ષિત અને ચોક્કસ વિસ્તારમાં જ જીવન ગાળતા મનુષ્યો, જે ખગોળીય ઘટનાઓ વિશે પણ જાણતા નહોતા તેઓએ આ કલ્પના સ્વીકારી લીધી. અગાઉથી જ બ્રાહમણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એવા વર્ગો હતા જ. 'પુરૂષ સૂકત' ની રચના પછી જેમને પોતાની સત્તા તત્કાલીન માનવ સમુહો પર યથાવત રાખવી હતી તેવા લોકોએ ચોથો વર્ગ એટલે કે શુદ્રો પાસેથી માનવીય અધિકારો જ લઈ લીધા, સદીઓ સુધી એક વર્ગ અંધકારની ખાઈમાં સબડતો રહયો.

**વર્ણ પ્રથાના દુષ્પરિણામો**

આમ તો વર્ણ વ્યવસ્થાનો હેતુ માત્ર સગવડ અને પરસ્પરના સહકારનો હતો. સમાજને એક તાંતણે બાંધી રાખવા માટેનો હતો. પરંતુ સમય જતાં પોતાના આધિપત્યને આંચ ન આવે તે માટે બ્રાહમણોના ભાગે આવેલી કામગીરી મોભાદાર ગણવા લાગી. બાકીના ત્રણેય વર્ગો પર વર્ચસ્વ જમાવી રાખવા માટે બ્રાહમણોએ પ્રયત્ન પૂર્વક ધર્મ, પવિત્રતા અને પરમેશ્વરનો ઈજારો જ પોતાના પાસે રાખી લીધો. એટલું જ નહી, વર્ણપ્રથા ઈશ્વર નિર્મિત છે એવું લોકોના માનસમાં ઠસાવવામાં આવ્યું. બ્રાહમણોએ શાસ્ત્રોના એવા મનઘડત અર્થઘટનો કર્યા જેનાથી શુદ્ર ગણાતો ચોથો વર્ગ સાવ હાંસિયામાં

જતો રહયો. કાલાંતરે એ વર્ગને અસ્પૃશ્ય માનવામાં આવ્યો. આ કુપ્રથા એવી તો પાંગરી કે ભારત દેશના સવર્ણો માફી માંગે તોય પ્રાયશ્ચિત અધૂરી રહે!

વર્ણ પ્રથાને કારણે જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ જે શુદ્રો હતા તેમનું જીવન દયનીય બનતું ગયું. ખોરાક, પાણી, આવાસ, ઔષધ, શિક્ષણ અને ભૌતિક સગવડોથી તેમને વંચિત રાખવામાં આવ્યા. શુદ્ર જેને અડે તે વસ્તુ કે વ્યકિત પણ અપવિત્ર ગણાય એવી માન્યતાને પ્રયત્નપૂર્વક અનુમોદન અપાતું રહયું. એમના પાસેથી એવાં કામો લેવામાં આવ્યાં જે પશુથી બદતર હતાં. કાલાંતરે એવા એવા શાસ્ત્રો રચાતાં ગયાં જેમા શુદ્રને હકોથી વંચિત રાખવાની વાતો લખવામાં આવી. અન્ય ત્રણેય વર્ગોનો પ્રત્યેક માનવી આ શુદ્રથી દૂર રહેતો અને શુદ્ર સાથે અમાનવીય વ્યવહાર કરતો થયો. પરિણામ એ આવ્યું કે અયોગ્ય બ્રાહમણ સમાજમાં પૂજનીય ગણાતો, અયોગ્ય ક્ષત્રિય રાજા બનવા લાયક ગણાતો, અયોગ્ય વૈશ્ય દ્રવ્ય એકઠું કરી શકતો. પણ ગમે તેટલો યોગ્ય માત્ર શુદ્ર હોવાને લીધે તત્કાલીન સમાજની કોઈ વ્યવસ્થા કે સગવડોને પામી શકતો નહીં. જન્મ આધારીત વર્ણ વ્યવસ્થા આજની તારીખે પણ કદાચ બાહય રીતે નહીં તોય, ભારતીય ઉચ્ચ વર્ગના માનસમાં તો પડેલી જ છે. આ દેશમાં પોતાને હિન્દુ ગણાવતો વ્યકિત પોતાનું મુલ્યાંકન કરે છે ત્યારે તે કયા સંપ્રદાયમાં, કઈ જ્ઞાતિમાં, કયા વર્ગમાં જનમ્યો છે તે જોવાનું ચૂકતો નથી. બદલાતી સમાજ વ્યવસ્થા અને ટેકનોલોજી સામે વિવશ થઈ ગયેલી જન્મ આધારિત મુલ્યાંકન કરવાની માનસિકતા હજુ નિર્મૂલ નથી થઈ. સમય સમય પર પોતાની ફેણ ઊંચી કરે જ છે. ૧૯૮૧ થી ૧૯૮૫ માં ગુજરાતમાં થયેલા અનામત વિરોધ આંદોલનો, ૧૯૮૯ માં મંડલ કમિશન વિરૂધ્ધ થયેલા તોફાનો, વિવિધ પ્રાંતમાં થતા નરસંહારો એ દલિત વિરોધી માનસિકતાના વિરૂપ ચિત્રો છે.

**પ્રાચીન કાળ :–**

આપણા શાસ્ત્રો પર દ્રષ્ટિ કરીએ તો વર્તમાન સમયમાં જેને દલિત કહેવામાં આવે છે તેમના પૂર્વજો જે શુદ્રો કહેવાતા, તેમની સાથે થયેલા અન્યાયોના અનેક દષ્ટાંતો છે. શુદ્રની બુધ્ધિમતા, તેનું શારીરિક કૌશલ્ય કે કળાનો સ્વીકાર તો ઠીક, તેવું કરવા માટે મૃત્યુદંડ સુધીની જોગવાઈ કહેવાતા શાસ્ત્રોમાં કરવામાં આવી છે. રામાયણ જેને અત્યંત પૂજનીય ગ્રંથ માનવામાં આવે છે તેમાં પણ શુદ્ર વ્યકિતને તપસ્યા કરવાનો નિષેધ ફરમાવવામાં આવ્યો છે. કોઈ એવું કરે તો રાજા દ્વારા તેની હત્યા કરાવવામાં આવતી. શમ્બૂકની હત્યા આનું ઉદાહરણ છે. શમ્બૂકની હત્યા રામ દ્વારા થઈ હતી. તેનો ગુનો એ હતો કે, તે શુદ્ર હતો અને તપસ્યા કરતો હતો. મહાભારતનો એકલવ્ય પણ વર્ણ વ્યવસ્થાનો ભોગ બનેલો હતો. ધર્નુરવિદ્યામાં અર્જુનથી પણ આગળ એવો એકલવ્ય જન્મે શુદ્ર હતો. ક્ષત્રિયોના ગુરૂ દ્રોણે ચતુરાઈથી તેનો અંગુઠો કાપવામાં સફળ રહયા. દ્રોપદીના સ્વયંવર વખતે કર્ણ મત્યવેધ કરી શકે એમ હતો. છતાં તેને 'દાસીપુત્ર' કહીને અપમાનીત કરવામાં આવ્યો હતો. વિદુર શિક્ષિત હતા, પંડિત હતા છતાં તેઓ ક્ષત્રિય નહોતા માટે અન્યોને શિક્ષણ આપવાનો અધિકાર તેમને ન્હતો.

**મધ્ય કાળ :–**

મધ્ય યુગીન સામંતશાહી સમાજ વ્યવસ્થામાં તો જ્ઞાતિવાદ એટલી હદે વિકરાળ બની ગયો કે શુદ્રોની સ્ત્રીઓ અન્ય વેર્ગાની મિલકત ગણાવા લાગી. શ્રી લક્ષ્મીનારાયણ સુધાકર લખે છે કે, "શુદ્રોની સ્ત્રીઓને અન્ય વર્ગના પુરૂષો દાસી સમજવા લાગ્યા હતા" દક્ષિણ ભારતમાં રહેલી 'દેવદાસી' પ્રથાના મૂળમાં પેલી જ્ઞાતિ અને જન્મ આધારિત માનસિકતા જવાબદાર છે. ઉત્તર ભારતની ભાષાઓમાં વપરાતો 'નગરવધૂ' શબ્દ પણ શુદ્ર સ્ત્રીઓ માટે વાપરવામાં આવે છે. 'રામચરિત માનસ' ના રચયિતા ગોસ્વામી તુલસીદાસે તો ત્યાં સુધી લખી નાખ્યું,

*શુદ્ર ગંવાર પશુઔ નારી, યે સબ તાડન કે અધિકારી*
*પૂજય વિપ્ર જ્ઞાન–ગુન હીના, શુદ્ર ન ગુનગાન જ્ઞાન પ્રવિના*

આ 'રામચરિત માનસ' ને ઉત્તર ભારતમાં એટલી હદે રાજયાશ્રમ મળ્યો કે આજ પર્યત લોક માનસ પર છવાયેલું રહયું છે. જો કે વર્તમાન કાળમાં દલિત બૌધ્ધિકો જયારે આવો પંડિતઓ વિશે સવાલો કરે છે ત્યારે ભળતો જ અર્થ કહેવામાં આવે છે.

**અર્વાચીન કાળ:–**

મધ્યકાળથી અર્વાચીન કાળની લગભગ અઢારમી સદી સુધીનો સમય દલિત માટે અત્યંત અંધકારમય રહયો છે, આ ગાળામાં જ પોતાને થતા અન્યાયો સામે અવાજ ઊંચો કરવાની દલિતોને દિશા મળી છે. જો કે એક નોંધનીય ઘટના ભકિતવાદ

સંદર્ભે છે. ભકિતવાદ ભારતમાં પ્રવેશ્યો અને તેણે સીધું નિશાન જન્મ આધારિત જ્ઞાતિ પ્રથા સામે તાકયું. મનુષ્ય મનુષ્ય વચ્ચેના ભેદને ભૂંસવાના પ્રયત્નો અનેક સંતોએ વખતો વખત કર્યા છે. એને અનુમોદન પણ મળ્યું. તેમ છતાં સદીઓથી જડ ઘાલી ગયેલી માનસિકતા દૂર કરવામાં તેઓ સંપૂર્ણ સફળ રહયા નહોતા. કબીર બલેશ્વર, રૈદાસ, નરસિંહ વગેરે જેવા લોકોએ ભરપૂર પ્રયત્નો કર્યા હતા, છતાં તેમના વિચારોને પ્રચંડ જન સમર્થન સાંપડતું નહીં. જો કે તેના કારણે ઉચ્ચ વર્ગમાં રહેલા ઉજળા હૈયાંના લોકોને એવું જરૂર લાગ્યું કે, એક મોટો અન્યાય થઈ રહયો છે. ભકિતવાહને વરેલા સંતો તે વખતના અંધકારમાં ડૂબેલા લોકો માટે પ્રત્યક્ષ પણે ભલે કંઈ ન કરી શકયા. પણ તેમણે જામ થઈ ગયેલા પૈંડામાં તેલ ઉજવાનું કામ તો કર્યુ જ હતું. બીજી તરફ યંત્ર યુગની શરૂઆત થતી હતી. તમામ સગવડોથી વંચિત લોકોના હૈયામાં વિરોધનો વંટોળ ઉઠી રહયો હતો. આ ગાળામાં જ ભારત પર અંગ્રેજો આવ્યા અને પરોક્ષ રીતે અંગ્રેજોએ ભારતના શુદ્રોને, વંચિતોને તેમના માનવીય અધિકારો અપાવવામાં ભૂમિકા ભજવી. અંગ્રેજોએ ભારતમાં ટેકનોલોજીનો પાયો નાખ્યો. તેમણે શિક્ષણને ફરજિયાત બનાવ્યું. સમય જતાં ભારતના ઉચ્ચ વર્ગના લોકોને એવું લાગ્યું કે, ભારતમાં કરવા જેવું કોઈ કામ હોય તો એ માત્ર દલિતોધ્ધાર જ છે. જો કે ઓગણીસમી સદીમાં આખુંય ભારત ઝડપભેર બદલી રહયું હતું. યંત્રો પ્રવેશી રહયા હતા, શાળાઓ ખુલવા લાગી હતી. અને બીજે છેડે અંગ્રેજો સામે વિરોધનો સૂર પ્રચંડ બની રહયો હતો.